સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

આંખે ઉજાગરો આંજી એ રડી હશે રાતભર!
પ્રેમીના વિચારે ચકાવે, એ ચડી હશે રાતભર!
નડી હશે આડખીલી સામાજિક-ખોભ, ખાપની -
ઝબકે છે આંખે ઝાકળ, એ પડી હશે રાતભર!
(વાસી વેલેન્ટાઈન ડે)

હાઈકુ

હોય છે કાંટા,
પ્રેમ પ્રતીક જેવાં -
ગુલાબ સાથે...

સાચવી નાક,
લઈ લ્યો દૂરથી જ -
સ્નેહ સુગંધ...

ચિંતન

એક એવ ભવામ્ભોધૌ આસીત્ અસ્તિ ભવિષ્યતિ ।
ન તે બન્ધઃ અસ્તિ મોક્ષઃ વા કૃતકૃત્યઃ સુખંચર ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટવક ગીતામાંથી લેવામાં આવેલ છે.

સંસાર સાગરમાં તુ એક જ હતો, છો અને હોઈશ. તારે બંધન કે મોક્ષ કાંઈ છે જ નહીં, માટે કૃતકૃત્ય છોડ. સુખેથી રહે.

એટલે કે તારા સિવાય અન્ય જે કાંઈ છે તે માત્ર ભ્રમ છે, ભ્રાંતિ જ છે. બધું જ તારામાં સમાવિષ્ટ છે, ને તું જ એ સર્વમાં વ્યાપ્ત છો, કારણ કે તું ચૈતન્ય સ્વરુપ છો, અને તું જ આત્મરુપ હોવાથી તારા માટે હવે કોઈ બંધન કે મોક્ષ પણ છે નહીં, જયાં સુધી મન છે, વિચારો છે, વાસના છે, તારું-મારું છે, હું પણ છું, ત્યાં સુધી બંધન પણ છે. પરંતુ આત્મરુપ થયેલાને એ કોઈ જ ભાવો રહેતા નથી, તેથી બંધન પણ નથી. બંધન જ નથી તો મોક્ષ શેમાંથી ? કોનો મોક્ષ ? એથી કહે કે મોક્ષ પણ નથી. અને આ કક્ષાની વ્યક્તિ તો પછી ધન્ય જ બની ગઈ હોય. એ તો કૃતકૃત્ય જ હોય માટે કહે છે તું સુખેથી રહે.

સુવિચાર

- દીવો બોલતો નથી, એનો પરિચય પ્રકાશ આપે છે, આપણે કંઈ બોલવું ન જોઈએ, સારા કર્મો કરતાં રહેવું જોઈએ, એ જ આપણો પરિચય આપશે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રભુ નથી હું એકલવાયો, મને છે તારો સાથ સવાયો - **પુનિત મહારાજ**
- ખ્વાહીશ મનુષ્ય કો જીને નહીં દેતી, ઔર મનુષ્ય ખ્વાહીશોં કો મરને નહીં દેતા - **ગુલઝાર**
- ભૂલ્યો ભટક્યો છું આ સંસારના સ્મરણમાં, થોડું સત્કર્મ કરીને આવું હરિ તારા શરણમાં - **સુબોધ પંચોલી**
- 'મારા લાઈફ પાર્ટનરે આમ જ કરવું જોઈએ' એ વાત કદાચ પ્રેમના નામે પઝેશનની બેડીઓ પહેરાવાની વાત છે - **ડો. પ્રશાંત ભીમાણી**
- જે પાત્ર સારું કામ કરે, તેના પર નાટક કંપનીનો માલિક ખુશ રહે છે એવું જ ભગવાન સંબંધી સમજવું - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : જે માતાઓ ને પૂરતું ધાવણ ન આવતું હોય તેમણે ચોળાનું શાક વધારે તેલમાં બનાવી ખાવાથી ધાવણ વધે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

વત્રાસુરે સદાશિવને પ્રસન્ન કરીને વરદાન મેળવ્યું હતું કે હું અસ્ત્ર-શસ્ત્રથી મરું નહીં. વત્રાસુરે માઝા મૂકી હતી. તેની ઈચ્છા દેવોના રાજા ઈન્દ્રને હરાવીને સ્વર્ગનું રાજય મેળવવાની હતી.

દેવોથી વત્રાસુરનો ત્રાસ સહન ન થતાં તેઓ બ્રહ્માજી પાસે ગયા અને પૂછ્યું, 'અમારે વત્રાસુરના ત્રાસમાંથી છૂટવા શું કરવું ?'

બ્રહ્માજીએ કહ્યું, 'વત્રાસુર કોઈથી મરે એમ નથી પણ જો કોઈ સાચો તપસ્વી ઋષિ પોતાના નિતંબનું હાડકું આપે અને એનું વજ્ર બનાવી વત્રાસુર પર વાર કરવામાં આવે તો જ વત્રાસુર મરે.'

દેવોએ સમાજના હિત માટે એક પછી એક અનેક ઋષિ મુનિઓ ને વાત કરી, પણ આવું દેહદાન કોણ કરે? છેવટે પર્વતની ટોચે તપ કરતા દધિચિ ઋષિ પાસે દેવો ગયા. વત્રાસુરના ત્રાસનું વર્ણન કર્યું અને વજ્ર બનાવવા માટે ઋષિના હાડકાનું દાન માંગ્યું. દધિચિ ઋષિએ હસતા મોઢે કહ્યું, 'આ મળમૂત્ર અને લોહી-માંસ ભરેલું શરીર સમાજના હિતમાં ઉપયોગી બનતું હોય તો એથી રૂડું શું ? ગમે ત્યારે મૃત્યુ ભરખી જ જવાનું છે, અત્યારે જ હું દેહ ત્યાગ કરું છું. પ્રભુ તમે વત્રાસુરનો વધ કરવા મારા હાડકાનું વજ્ર બનાવી વત્રાસુરનો વધ કરી સમગ્ર સૃષ્ટિને એના અત્યાચારમાંથી મુક્ત કરો.'

મહાજનોની મર્યાદા આંકતું સર્વેક્ષણ

તંત્રીસ્થાનેથી...

કોઈ કારણસર દેશનું વહીવટીતંત્ર સાવ જ મૃતપ્રાય બની રહે અને દેશને એવી દેવાળિયા સ્થિતિમાંથી ઉગારવા દેશના ધનકુબેરો આગળ આવે તો એ કેટલો વખત એનો ભાર ઊંચકી શકે એનું ફેન્ટાસ્ટિક સર્વેક્ષણ કરાવાયું તો એમાં સાઈપ્રસ જેવા નાના દેશથી માંડી ભારત, ચીન અને અમેરિકા સહિતના દેશોના સૌથી વધારે સંપત્તિવાન ધનકુબેરોથી સંપત્તિ ધ્યાનમાં લઈ જે તારણ ઉપર અવાયું છે એમાં ૯૯ અબજ ડૉલરની અધધ સંપત્તિ ધરાવનારા જેફ બેઝોસ અમેરિકાને માત્ર પાંચ દિવસ પૂરતું ચલાવી શકે એવો નિષ્કર્ષ નીકળ્યો છે. ભારતના સૌથી ધનાઢ્ય મહાજન મુકેશ અંબાણી વીસ દિવસ સુધી સરકાર ચલાવી શકે અને ચીનના ધનકુબેર જેકમા જેઓ ૪૫.૫ અબજલ જેવી ગંજાવર સંપત્તિના માલિક છે તે ફક્ત ચાર જ દિવસ સરકારી તંત્રનો બોજ વેંઢારી ટેં થઈ જાય. સાઈપ્રસના ફ્રેડ્રિકસન માત્ર ૧૦ અબજ ડૉલર ખરચીને ૪૪૧ દિવસ સુધી સરકારી ગાડું ગબડતું રાખી શકે ! પાશ્ચાત્ય દેશોની સરખામણીમાં પૂર્વના દેશોનો સરકારી તંત્રનો ખર્ચ ઘણો જ ઓછો છે, જેમાં ચીન અલબત્ત, અપવાદરુપ ગણાય. આ વિચિત્ર સર્વેક્ષણમાં ભારતની સ્થિતિ વિશે જ વિચાર કરીએ તો અહીં નેવું ટકાથી વધુ સંપત્તિ માત્ર આંગળીના વેઢે ગણાય એટલા ધનકુબેરો પાસે એકઠી થઈ ગઈ છે, પરંતુ એવી કોઈ કટોકટી આવી પડે તો એમનું ગજું નથી કે તેઓ તૂટી રહેલ તંત્રને પોતે પૂરેપૂરા ખુવાર થયા છતાં લાંબો વખત સાચવી - સંભાળી શકે. સંપત્તિની બાબતમાં આપણે ઈશ્વરાધીન રહ્યા છીએ. એને કિસ્મતના કૌંસમાં મૂકી દેવાથી આપણે ફૂટપાથ પર સૂનારા લાખો નાગરિકો પણ વિશેષ દયા ખાતા નથી તેમ યેનકેન પ્રકારેણ અઢળક સમૃદ્ધિમાં આળોટતા નસીબદાર ધનપતિઓની અદેખાઈ પણ કરતા નથી. ઊલટાના એમનાથી અભિભૂત થઈ જઈ એમને આપણા આદરણીય મહાનુભાવોની પંગતમાં અગ્રસ્થાને બેસાડીએ છીએ. સંપત્તિ, સંતતિ, સ્ત્રી, જન્મ અને મરણ જેવી બાબતોને સંત તુલસીદાસે ભાગ્ય આધારિત કહીને આપણી ગરીબડી પ્રજાને લોહિયાળ ક્રાંતિ કરતી અટકાવી દીધી છે. આપણો ઈતિહાસ પણ શેઠ સગાળસા, જગડુશા કે ભામાશાનાં ગુણગાન ગાતાં થાકતો નથી. તાતા, બિરલા અને બજાજ જેવા ધનકુબેરો ગાંધીજી માટે આશ્ચર્યરૂપ હતા તો વળી જયપ્રકાશ નારાયમે રામનાથ ગોયેન્કાના જ મહાલયમાં છેલ્લા શ્વાસ છોડ્યા હતા. રાજકારણ સાથે ધનકુબેરોનો અવિનાભાવી સંબંધ આજે તો ઊડીને આંખે વળગે એ હદે ખીલ્યો છે. સરકાર મોદી ચલાવે છે એ સાચું પણ બૅકસીટ ડ્રાઈવિંગ તો અંબાણી, અદાણી કે તાતા-બિરલા જ કરે છે. આવી સ્થિતિમાં ધનકુબેરો વધુ ને વધુ તાજામજા થતા જાય છે અને પ્રજા અળસિયાંની માફક છાણના પોદળામાં સબડતી રહે છે. એને આ કે તે 'કલ્યાણ યોજના' ના લાભાર્થી બનાવાની જ અપેક્ષા રહે છે. પરંતુ ક્યારેક આપણા ગુજરાતમાં જ શાંતિદાસ ઝવેરી જેવા ધનાઢ્ય શ્રેષ્ઠી હતા જેમણે અકબર પાસેથી ગૌવધબંધીનું ફરમાન મેળવવામાં સફલતા હાંસલ કરી હતી. કસ્તુરભાઈ લાલભાઈ અને સારાભાઈ જેવા શ્રેષ્ઠી મહાજનોએ ગુજરાતને દેશ અને દુનિયામાં આગવું અને અનોખું સ્થાન અપાવ્યું હતું - છતાં, સ્વાભિમાની નાગરિક માટે તો પન્નાલાલ પટેલની પ્રસિદ્ધ નવલકથા 'માનવીની ભવાઈ'ના નાયક કાળુની જેમ ભૂખ કરતાં પણ ભીખ વધારે જ ભૂંડી રહેવાની!

ઍલોવેરા- આટલું જાણવું જરૂરી છે

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

અત્યારે આયુર્વેદની સૌથી વધુ પ્રચલિત ઔષધિઓનું લિસ્ટ બહાર પડે તો તેમાં હળદર, લીમડો અને એલોવેરા અગ્રક્રમે હોય. એલોવેરાની જોરદાર બોલબાલા છે. જ્યુસથી લઈને સાબુ શેમ્પૂ સુધી સર્વત્ર વ્યાપ્ત છે એલોવેરા. ઘણી મલ્ટી લેવલ માર્કેટિંગ કંપનીઓ તો ખાલી એલોવેરા પાર જ નભે છે. તેના માર્કેટિંગ એજન્ટો લોકોને પરાણે એલોવેરાની મોંઘા ભાવની પ્રોડક્ટ પકડાવે અને પોતે મલાઈ ખાય. અતિની ગતિ નથી. એલોવેરા અલબત્ત ઉત્તમ ઔષધ છે, પણ તેનો યોગ્ય ઉપયોગ જરૂરી છે. કોઈ પણ વસ્તુનો આડેધડ ઉપયોગ નુકસાન જ નોતરે છે. આજે એલોવેરા બાબતે અમુક જાણવા લાયક વિગતો સમજીએ. એલોવેરા વિશ્વપ્રસિધ્ધ અને અનેક રીતે ગુણકારી છે. વૈશ્વિક બજારમાં હર્બલને નામે જે કોઈ પણ પ્રોડક્ટ મળે છે તેમા એલોવેરા સૌથી વધું ઉપયોગમાં લેવાય છે. આયુર્વેદમાં એલોવેરા વિષે ખૂબ લખાયું છે. મોર્ડન મેડીસીનલ સાઈન્સે પણ એલોવેરા પર ઘણું રિસર્ચ કર્યું છે.

- એલોવેરા સમગ્રતયા ઉગે છે. તેને ખૂબ ઓછા પાણી વડે ચાલે છે. બન્ને બાજુ કાંટાવાળા લાંબા પાનની વચ્ચે ગરભ હોય છે જે અનેક રીતે ઔષધીય ઉપયોગમાં લેવામાં આવે છે. એટલે જો કોઈ ખૂબ મોંઘા ભાવની એલોવેરા પ્રોડક્ટ લઈને તમારી પાસે આવે તો જરા વિચારજો.

- એલોવેરા સ્ત્રીઓના રોગોમાં અતિ ઉપયોગી છે. સ્ત્રીઓના માસિકધર્મ સબંધીત રોગોમાં કુંવાર ખૂબ અસરકારક છે. આયુર્વેદની જાણીતી દવા કુમારીઆસવ તેમજ રજઃપ્રવર્તની વટીનું મુખ્ય ઘટકદ્રવ્ય એલોવેરા જ છે

- શરીરમાં ગાંઠો થયેલી હોય અને સ્ત્રીઓમાં સ્તનગ્રંથિનું શ્રેષ્ઠ ઔષધ એલોવેરા છે. એલોવેરાનો રસ પીવાથી અને ગાંઠ પર એલોવેરાનો રસ અને હળદર ચોપડવાથી ગાંઠો પીગળવા લાગે છે

- એલોવેરા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. નિયમીત કુંવારપાઠાંનો રસ પીવાથી શરીરની ઈમ્યુનીટી વધે છે.

- એલોવેરા ઍંટીઓક્સીડંટ પણ છે. તેનો નિયમીત ઉપયોગ શરીરને નવયૌવન બક્ષે છે

- પેટના રોગો, પેટનો દુખાવો, આંતરડાની નબળાઈ આદિમાં એલોવેરા ખૂબ ફાયદાકારક છે

- દાઝ્યા તેમજ ફોલ્લાઓ પર કુંવારનો રસ ઘસવાથી ફોલ્લાઓ બેસી જાય છે. દાઝ્યા પર બળતરા થતી નથી અને ઘા રૂઝાઈ જાય છે

- કુંવાર રક્તશોધક છે તેમજ લિવરના કાર્યોને વ્યવસ્થીત કરે છે. કમળામાં કુંવાર ઉત્તમ ઔષધ છે

- એલોવેરા ચામડી અને વાળના રોગો માટે પણ હિતકર છે. હાલ લગભગ દરેક શેમ્પૂ અને સાબુમાં કુંવારપાઠું હોય જ છે.

- કુંવારપાઠાંની વધું પડતી માત્રા મરડો કે પેટમાં ચૂંક લાવે છે. ક્યારેક એસીડીટી પણ થાય છે, આથી કુંવારનું સપ્રમાણ અને નિયમીત સેવન કરવું હિતાવહ છે.

- contact@atharvaayu.com

સદાબહાર સુરેશ દલાલના વિચારોનો વૈભવ

મનના ઉમંગો
રણછોડ પરમાર

॥ મણકો-૩ ॥

દેવળ જેટલું પડખે એટલા દેવ દૂર
- ઍંડ્રયુઝ લેંસલોટ

આપણા પદમાં આવે છે એમ, દેવ વિનાનું દેવળ એ કીકી વિનાના લોચન જેવું છે. શરીર હોય પણ એમાં પ્રાણની પ્રતિષ્ઠા થઈ ન હોય અથવા એમાંથી પ્રાણ ચાલ્યો ગયો હોય તો એ જીવતુંજાગતું શરીર નથી પણ શબ છે. ધર્મના નામે આપણે મડદાં જ ચૂંથીએ છીએ. આપણે ક્રિયાકાંડમાં અટવાઈ ગયા છીએ. જે કંઈ કરીએ છીએ નરી યાંત્રિકતાથી. એમાં ચેતનાનો સ્પર્શ હોતો નથી.

ટૂથબ્રશ કરીએ અને પ્રાર્થના કરીએ એમાં ફેર છે.

બ્રશ કરવામાં પણ એકાગ્રતા તો જોઇએ જ.

આપણું મન ઈધર ઉધર ફરતું હોય, ઝાડીઝાંખરાંમાં ગુંચવાયેલું હોય અને આપણે પોપટની જેમ મંત્ર જપીએ એ મંત્રનો કશો અર્થ હોતો નથી. અખાએ એક મૂરખની વાત કરતાં યોગ્ય જ કહ્યું છે :'' એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ; તુલસી દેખી તોડે પાન , પાણી દેખી કરે સ્નાન.'' આ પંક્તિઓના લયમાં પણ ધર્મઢોંગીની યાંત્રિકતાને પ્રગટ કરી છે. એમાં રિચ્યુઅલ છે, સ્પિરિચ્યુઅલ કશું નથી; ક્રિયાકાંડ છે, ધર્મ નથી.

ધાર્મિક હોવાનો દેખાવ છે; પણ ધર્મનો સ્વભાવ નથી, અભાવ છે.

આપણા પ્રસિધ્ધ નાટ્યવિવેચક અને વાર્તાકાર ઉત્પલ ભાયાણીની એક વાર્તા છે.

પોતાની જ ગલીને છેડે એક મંદિર છે ત્યાં એક સ્ત્રી રોજ જાય છે. દર્શન કરીને હરખઘેલી થઈને રોજ પાછી આવે છે. રોજ પાછી આવે છે. આ એનો નિત્યક્રમ.

એક દિવસ વહેલી સવારે મંદિરમાંથે દર્શન કરીને પાછી વળતી હતી ત્યાં એને મંદિરમાં ગયેલી ને પાછી વળતી બીજી બહેનપણી મળી.

તેણે કહ્યું;'' તેં આજે મંદિરમાં કંઈ જોયું?''

પેલીએ કહ્યું, '' ના, હું તો હમણાં જ દર્શન કરીને આવી.''

બીજી સ્ત્રીએ કહ્યું, '' તને ખબર ના પડી ? આ મંદિરમાંથી ગઈ રાતે મૂર્તિ જ ચોરાઈ ગઈ છે !''

આપણે બધાં આમ ક્રિયાકાંડનાં શહીદ થઈ ગયાં.

ધર્મ વિના ધાર્મિક થઈ ગયા. આત્મા વિનાના આધ્યાત્મિક થઈ ગયાં. આપણે મંદિરમાં જઈએ છીએ શું કામ ? આપણે કશુંક ને કશુંક માગતા હોઈએ છીએ અને ઈશ્વરને પળે પળે ખલેલ પહોંચાડતા હોઈએ છીએ. આપણો અજંપો એને સોંપતા હોઈએ છીએ અને એને જંપવા દેતા નથી.

રજનીશજીએ કહેલી એક કથા યાદ આવે છે.

ફરીદ નામનો એક ફકીર. રાજા ઉપર એનો પુષ્કર પ્રભાવ.

નાનકડા ગામમાં રહે. ગામના લોકો ગરીબીથી ત્રાસી ગયેલા.

લોકોએ ફકીરને કહ્યું કે રાજા પર તારું ચલણ છે, તો તું રાજા પાસે જઈને કહે કે , કમમાં કમ ગામમાં એક શાળા તો ખોલી આપે; જેથી લોકો ભણે અને પછી પોતાના પેટ પૂરતું કમાઈ લે.

ફકીરને તો કોઈ લાલસા નહોતી. લોકોના કહેવાથી એ રાજા પાસે ગયો. સદભાગ્યે રાજા નમાજ પઢતા હતા . ફરીદ રાજાની પાછળ ઊભો રહ્યો. પોતાની હકુમત ચારે તરફ પ્રસરે અને એને કારણે એની સતા અને ધનવૈભવ વધે એની સતત માગણી રાજા ખુદા પાસે કર્યા કરતો હતો.

ફરીદે આ બધું સાંભળ્યું અને ચૂપચાપ પાછો વળતો હતો ત્યાં જ નમાજ પૂરી કરીને ઊભા થયેલા રાજાની નજર ફરીદ પર પડી.

એને પ્રેમથી બોલાવીને પૂછ્યું,''શું હતું ?'' તો કહે, ''કંઈ નહીં .''

રાજાએ બહુ પૂછ્યું ત્યારે ફરીદે નિર્ભયતાથી કહ્યું, '' હું તમારી પાસે માગવા આવ્યો હતો, પણ તમે ખુદ ખુદા પાસે માગતા હતા. મને થયું , જેનો રાજા ખુદ ભિખારી છે એ પોતાની પ્રજાને શું આપવાનો હતો?'' સામાન્ય માણસ અને સંત વચ્ચે ફેર એ હોય છે કે એ નિર્ભય હોય છે. એને ભવિષ્યની ચિંતા હોતી નથી. એ વૈરાગી હોય છે.

એ પોતામાં સ્થિર થયેલો હોય છે, એટલે એ સ્વસ્થ અને સ્થિતપ્રજ્ઞ હોય છે. સામાન્ય માણસના મનોભાવ શેરબજારની જેમ તેજીમંદી ને લિયાદિયાના હોય છે.

કહેવાય છે કે , માર્ક ટ્વેન એક બહુ મોટા ગજાના લેખક અને હાસ્યકાર. એકવાર દેવળમાં ગયા. દેવળમાં ધર્મગુરૂ પ્રવચન આપતા હતા. માર્કટ્વેન જેવોમાણસ પણ એની વાણીથી મોહિત થઈ ગયો.

એણે ગજવામાં હાથ નાખ્યો અને મનમાં વિચાર્યું કે આજે દસ ડોલરનું દાન કરી દેવું છે. ડોલર તો ગજવામાં હતા. પછી એને વિચાર આવ્યોકે, દસ શું કામ, પાંચ ડોલરની પણ ક્યાં જરૂર છે ? આખરે એ અઢી ડોલર પર આવીને ઠર્યો.

દાનનું પાત્ર જ્યારે એની પાસે આવ્યું ત્યારે એણે મનોમન કહ્યું : ' આ વાત મેં ક્યાં કોને કહી છે કે દાન કરું !' એને અવળો વિચાર આવ્યો કે ' દાનબાન તો ઠીક છે , પણ આ દાનના પાત્રમાંથી કંઈક ઉઠાવી લઉં.'

આવું છે આપણું મન ને આવા છે આપણા મનના વિરોધી ભાવો.

આપણે ભીતરના ભિખારી છીએ. અંદરની અમીરાત તો અલોપ થઈ ગઈ છે . પુ.લ. દેશપાંડેનું એક નાટક જોયું હતું. યાદ છે ત્યાં લગી એનો અનુવાદ તારક મહેતાએ કર્યો હતો. નાટકનું નામ હતું ''રણછોડે રણ છોડ્યું ''પૂજારીથી ત્રાસીને મંદિરમાંથી ભગવાન ચાલ્યા જાય છે.

મૂર્તિ છે પણ દૈવી તત્વ નથી. પછી ભગવાન થોડીક ક્ષણ માટે પ્રગટ થાય છે. વકીલ છે તે ભગવાનને કહે છે કે, તમે ભગવાન છો એની ખાતરી શી ? મંદિરમાં એક બજારુ સ્ત્રી પણ આવી છે.

એ કહે છે કે, ભગવાન હો તો મારી પિત્તળની બંગડીને સોનાની કરી દો. આપણે ભગવાનને આપણને અનુકૂળ આવે અને આપણી સગવડો સચવાય એવા ચમત્કારોની સરહદમાં બાંધી દીધા છે.

મંદિર એ પૂજાનું સ્થળ નથી પણ ભગવાનનું કેદખાનું છે.

આપણા લોકગીતની ચાર પંક્તિ યાદ આવે છે :

રામા, કાશીના લોકને પૂછિયું, અહીંથી ભાગીરથી કેટલે દૂર રે ;
રામા, ધરમીને મન છે ઢૂંકડું ને પાપીને પગલેથી દૂર રે.

પ્રારંભની પંક્તિ કોઈ બીજાની નથી પણ બિશપ(ધર્મગુરુ)ની છે.

આજે પણ એ એટલી જ સાચી લાગે છે એ ખૂબ ખેદની વાત છે.

(વિચારોનો વૈભવ-સુરેશ દલાલ પ્રકરણ ૨૬ . પૃષ્ઠ-૩૭)

ભૂખ તો લાગણીઓને પણ લાગે છે... બસ સંબંધો સ્વાદિષ્ટ હોવા જોઈએ છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

એ પોપડા દીવાલથી અમથા નથી ખર્યા,
એકાંત નિત્ય ન્હોર ભરે છે દીવાલ પર.
- **દિનેશ ડોંગરે 'નાદાન'**

આજે માણસ એકલવાયો અને એકલપેટો થયો જાય છે. સોસાયટીમાં હોય કે મુસાફરીમાં બીજા સાથે વાત કરવાનો કોઈનેય ઝાઝો રસ નથી હોતો. દોસ્તો, નવાઈની વાત તો એ છે કે આર્થિક સંપન્નતા વધી એમ ભીતરની કંગાલિયત પણ વધી. પ્રત્યેકને પોતાનામાં જ રસ છે. સામેની વ્યક્તિને સાંભળનારા કે સમજનારા ક્યાંક અપવાદરુપ - જવલ્લે જ જડે !! જરા ધ્યાનથી નિરીક્ષણ કરશો તો સ્પષ્ટ સમજાશે કે વ્યક્તિ અને સમાજ બંને સ્વકેન્દ્રી બની ચૂક્યા છે... મકાનો મોટા થતા ગયા... ને માણસ નાના થતો ગયો. હમણાં એક મિત્રે સરસ વાત કહી...

'એક દિવસ હું મારા મિત્ર સાથે તત્કાલ ગેટેગરીમાં પાસપોર્ટ બનાવવા અમદાવાદ પાસપોર્ટ ઑફિસ ગયો હતો. લાઈનમાં ઊભો રહીને અમે પાસપોર્ટનું તત્કાલ ફોર્મ ભર્યુ. ઘણો સમય થઈ ગયો હતો. હવે અમારે પાસપોર્ટની ફી જમા કરાવવી હતી જેવો અમારો નંબર આવ્યો કે તરત જ ઑફિસર સાહેબે બારી બંધ કરી દીધી અને કહ્યું કે ટાઈમ પૂરો થઈ ગયો છે. હવે કાલે આવજો.'

મેં સાહેબને ખૂબ આજીજી કરી કહ્યું, 'અમે ખૂબ દૂરથી આવ્યા છીએ. અમે આખો દિવસમાં કામમાં ખર્ચ્યો છે અને હવે માત્ર ફી ભરવાની બાકી રહી ગઈ છે. મહેરબાની કરીને આ ફી જમા કરી લો.'

ઑફિસર તો ગુસ્સે થઈ ગયા, બોલ્યા, 'તમે આખો દિવસ ખર્ચ્યે તો એના માટે શું હું જવાબદાર છું ?' અરે, સરકારને કહો કે વધારે ઑફિસરની ભરતી કરે. હું તો સવારથી મારું કામ જ કરી રહ્યો છું !'

ખેર, મારો મિત્ર ઉદાસ થઈનો બોલ્યો, 'ચાલ હવે કાલે આવીશું.'

મેં એને રોકીને કહ્યું, 'ઊભો રે ફરી એકવાર કોશિશ કરી જોઉં.'

ઑફિસર સાહેબ પોતાનો થેલો લઈને કેબિનમાંથી બહાર ગયા. હું કંઈ બોલ્યો નહિ, ચુપચાપ એમની પાછળ ગયો. એ એક કેન્ટીનમાં ગયા અને થેલામાંથી પોતાનું લંચબોક્સ કાઢીને ધીમે ધીમે એકલા ખાવા લાગ્યા. હું એમની સામેની બેંચ પર જઈને બેઠો. મેં કહ્યું, 'તમારી પાસે તો ખૂબ કામ છે. રોજ કોઈ આઈ.એ.એસ., કોઈ આઈપીએસ, વિધાયક નેતા બધા અહીં આવે છે. મારી ખુરશીની સામે મોટા મોટા લોકો રાજ જુએ છે. પછી મેં એમને પુછ્યું, 'તમારી પ્લેટમાંથી એક રોટલી હું પણ ખાઈ લઉં ?' એમણે 'હા' કહ્યું, હું પ્લેટમાંથી એક રોટલી ઉઠાવીને શાક જોડે ખાવા લાગ્યો. મેં ખાવાના વખાણ કરતા કહ્યું, 'તમારી પત્ની ખૂબ સ્વાદિષ્ઠ જમવાનું બનાવે છે. મેં એમને કહ્યું, 'સાહેબ તમે ખૂબ મહત્ત્વપૂર્ણ સીટ પર બેઠા છો, મોટા મોટા લોકો તમારી પાસે આવે છે. પણ શું તમે તમારી ખુરશીની ઈજ્જત કરો છો ? તમે ખૂબ ભાગ્યશાળી છો કે તમને આટલી મહત્ત્વની જવાબદારી મળી છે. પણ તમે તમારા કામની ઈજ્જત નથી કરતા. એમણે મને પૂછ્યું, 'એવું તમે કેવી રીતે કહી શકો ?' મેં કહ્યું, 'જો તમે તમારા પદની ઈજ્જત કરતા હો તો તમે આવા રુક્ષ અને ક્રોધી સ્વભાવવાળા નહોત.' જુઓ તમારો કોઈ મિત્ર પણ નથી. તમે રોજ કેન્ટીનમાં એકલા જમો છો. તમારી ખુરશી પર પણ ઉદાસ થઈને બેસો છો. લોકોનું થતું કામ પૂરું કરવાની જગ્યાએ અટકાવવાની કોશિશ કરો છો. બહારગામથી આવી સવારથી હેરાન થતા લોકોની વિનંતી ઉપર કહો છો કે સરકારને કહો કે બીજા ઑફિસરની ભરતી કરે ! અરે, બીજા ઑફિસરો વધવાથી તમારું જ મહત્ત્વ ઘટશે. અને કદાચ તમારી પાસેથી આ કામ પણ છીનવાઈ જાય.

ભગવાને તમને તક આપી છે સંબંધો બનાવવાની પણ તમારું દુર્ભાગ્ય જુઓ તમે એનો લાભ લેવાની જગ્યાએ સંબંધો બગાડી રહ્યો છે. અમારું શું છે ? કાલે આવી જઈશું કે પરમ દિવસે આવી જઈશું. પણ તમારી પાસે તો મોકો હતો. કોઈને ઋણી બનાવવાનો. તમે એ પણ ચૂકી ગયા. મેં કહ્યું, પૈસો તો ખૂબ કમાઈ લેશો પણ સંબંધો નહિ કમાઓ તો બધું બેકાર છે. શું કરશો પૈસાનું? તમારો વહેવાર ઠીક નહીં રાખો તો તમારા ઘરવાળા પણ તમારાથી દુ:ખી રહેશો.

મિત્રો તો પહેલેથી જ નથી... મારી વાત સાંભળીને ઑફિસર સાહેબ રડવા જેવા થઈ ગયા. બોલ્યા કે તમે વાત સાચી કરી સાહેબ, હું ખૂબ એકલો છું. પત્ની ઝઘડો કરી પિયર જતી રહી છે. છોકરાઓ પણ મને પસંદ નથી કરતા. મા છે પણ એ પણ ખાસ વાત નથી કરતી. સવારે ચાર પાંચ રોટલી બનાવીને આપે છે અને હું એકલો એકલો ખાઈ લઉં છું. રાત્રે ઘરે જવાનું પણ નથી થતું. ખબર નથી પડતી કે ગરબડ ક્યાં છે.

હું ધીમેથી બોલ્યો પોતાની જાતને બીજા જોડે જોડો. કોઈને મદદ થઈ શકતી હોય તો કરો. જુઓ હું અહીં મારા મિત્રના પાસપોર્ટ માટે આવ્યો છું. મારી પાસે મિત્ર છે. તમારી પાસે નથી.

તેઓ ઊભા થયા અને મને કહ્યું, તમે મારી કેબિનમાં આવો. હું આજે જ ફી જમા કરીશ અને એમણે કામ કરી દીધું. ત્યારબાદ એમણે મારો ફોન નંબર માગ્યે અને મેં નંબર આપી દીધો.

થોડાક વર્ષો વીતી ગયા... એક દિવાળી ઉપર એક ફોન આવ્યો પિયુષકુમાર સોલંકી બોલું છું. સાહેબ, તમે મારી પાસે તમારા કોઈ મિત્રનો પાસપોર્ટ બનાવવા આવ્યા હતા અને તમે મારી જોડે બેસીને રોટલી પણ ખાધી હતી. તમે કહ્યું હતું કે પૈસાની જગ્યાએ સંબંધ બનાવો. મને એકદમ યાદ આવી ગયું. મેં કહ્યું, હાજી સોલંકી સાહેબ, કેમ છો ? એમણે કહ્યું સાહેબ, તમે એ દિવસે જતા રહ્યા પછી મેં ખૂબ વિચાર્યું, મને લાગ્યું કે પૈસા તો ઘણા લોકો આપી જાય પણ જોડે બેસીન જમવાવાળું કોઈ નથી મળતું. સાહેબ હું બીજા જ દિવસે મારી સાસરીએ ગયો અને ખૂબ પ્રાર્થના કરીને પત્નીને ઘરે લાવ્યો, એ માનતી જ ન હતી. જયારે એ જમવા બેઠી તો મેં એની પ્લેટમાંથી રોટલી લઈને કહ્યું, સાથે જમાડીશ ? એ દંગ રહી ગઈ. રોવા લાગી. મારી સાથે ચાલી આવી. છોકરાઓ પણ સાથે આવ્યા. સાહેબ હવે હું પૈસા નથી કમાતો. સંબંધ કમાઉ છું. જે આવે છે એનું કામ કરી આપું છું. સાહેબ આજે તમને હેપ્પી દિવાલી કહેવા માટે ફોન કર્યો છે. આવતા મહિને મારી દીકરીના લગ્ન છે. તમારે સહપરિવાર આવવાનું છે. દીકરીને આશીર્વાદ આપવા, સંબંધ જોડ્યો છે તમે... એ બોલતો રહ્યા... હું સાંભળતો રહ્યો... વિચાર્યું નહોતું કે સાચ્ચે જ એમના જીવન પણ પૈસા ઉપર સંબંધો ભારે પડશે...

લગભગ બધા જ લોકો સંબંધ તોળી તોળીને બનાવ છે. જયાં સુધી પોતાનો ફાયદો દેખાય ત્યાં સુધી એ સંબંધ ચાલુ રાખવાનો અને સ્વાર્થ સધાઈ જાય પછી તું કોણ ?!! દોસ્તો, માણસ ભાવનાઓથી સંચાલિત થાય છે કારણોથી નહિ... કારણોથી મશીન ચાલે... માણસ નહિ...

સ્પર્શમણિ :

● પૈસો, ધંધો, ભણતર અને રૂપનું અભિમાન ક્યારેય ના કરવું. કારણ કે મિત્રો, મોરને તેના પીછાંનો બોજ જ ઊંચો ઊડવા નથી દેતો.

● ● ●

● ભૂખ તો લાગણીઓને પણ લાગે છે... બસ સંબંધો સ્વાદિષ્ટ હોવા જોઈએ છે.

● ● ●

● લાગણીઓ જ થકવી જાય છે... બાકી... માણસ તો બહુ મજબૂત હોય છે.

- rasikvaland1965@gmail.com